પ્રકરણ 1

# સંખ્યા પદ્ધતિ

## વિહંગાવલોકન

### મુખ્ય સંકલ્પનાઓ અને પરિણામો

- સંમેય સંખ્યાઓ
- અસંમેય સંખ્યાઓ
- સંખ્યારેખા પર અસંમેય સંખ્યાઓને દર્શાવીશું.
- વાસ્તવિક સંખ્યા અને તેની દશાંશ-અભિવ્યક્તિ
- સંખ્યારેખા પર વાસ્તવિક સંખ્યાઓનું નિરૂપણ
- વાસ્તવિક સંખ્યાઓ પર ગાણિતિક પ્રક્રિયાઓ
- છેદનું સંમેયીકરણ
- વાસ્તવિક સંખ્યાઓ માટે ઘાતાંકના નિયમો

- જો $p$ અને $q$ પૂર્ણાંક હોય અને $q$ શૂન્યેતર હોય તો જે સંખ્યાને $\frac{p}{q}$ સ્વરૂપમાં લખી શકાય તે સંખ્યાને સંમેય સંખ્યા કહે છે.
- જો $p$ અને $q$ પૂર્ણાંક હોય અને $q$ શૂન્યેતર હોય તેવા $\frac{p}{q}$ સ્વરૂપમાં ન લખી શકાય તેવી વાસ્તવિક સંખ્યાને અસંમેય સંખ્યા કહે છે.
- બધી સંમેય સંખ્યાઓ અને બધી અસંમેય સંખ્યાઓના જથ્થાને વાસ્તવિક સંખ્યાઓનો સમૂહ કહે છે.
- સંમેય સંખ્યાની દશાંશ-અભિવ્યક્તિ સાન્ત અથવા અનંત આવૃત્ત હોય છે. અસંમેય સંખ્યાની દશાંશ-અભિવ્યક્તિ અનંત અનાવૃત્ત હોય છે.
- જો $r$ સંમેય સંખ્યા હોય અને s અસંમેય સંખ્યા હોય, તો $r + s$ અને $r - s$ અસંમેય સંખ્યા છે. તે જ રીતે, શૂન્યેતર સંમેય સંખ્યા $r$ માટે $r \cdot s$ અને $\frac{r}{s}$ અસંમેય સંખ્યા છે.

- ધન વાસ્તવિક સંખ્યાઓ $a$ અને $b$ માટે :

(i) $\sqrt{ab} = \sqrt{a}\,\sqrt{b}$ (ii) $\sqrt{\dfrac{a}{b}} = \dfrac{\sqrt{a}}{\sqrt{b}}$

(iii) $(\sqrt{a}+\sqrt{b})\,(\sqrt{a}-\sqrt{b}) = a-b$ (iv) $(a+\sqrt{b})\,(a-\sqrt{b}) = a^2-b$

(v) $(\sqrt{a}+\sqrt{b})^2 = a+2\sqrt{ab}+b$

- જો $a > 0$ એક વાસ્તવિક સંખ્યા હોય અને $p$ અને $q$ સંમેય સંખ્યા હોય, તો

(i) $a^p \cdot a^q = a^{p+q}$ (ii) $(a^p)^q = a^{pq}$

(iii) $\dfrac{a^p}{a^q} = a^{p-q}$ (iv) $a^p\, b^p = (ab)^p$

**વિધાન સત્ય બને તે રીતે આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નનો ઉત્તર આપો :**

**ઉદાહરણ 1 :** નીચેનામાંથી કયું $\left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}}$ ને સમાન નથી ?

(A) $\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}-\frac{1}{6}}$ (B) $\dfrac{1}{\left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{\frac{1}{6}}}$ (C) $\left(\dfrac{6}{5}\right)^{\frac{1}{30}}$ (D) $\left(\dfrac{5}{6}\right)^{\frac{-1}{30}}$

**ઉકેલ :** આપેલ અભિવ્યક્તિ $\left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}} = \left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}\times-\frac{1}{6}} = \left(\dfrac{5}{6}\right)^{-\frac{1}{30}}$ (I)

A ની અભિવ્યક્તિ $= \left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}-\frac{1}{6}} = \left(\dfrac{5}{6}\right)^{\frac{6-5}{30}} = \left(\dfrac{5}{6}\right)^{\frac{1}{30}}$ (II)

B ની અભિવ્યક્તિ $= \dfrac{1}{\left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{\frac{1}{6}}} = \left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}}$ (III)

C ની અભિવ્યક્તિ $= \left(\dfrac{6}{5}\right)^{\frac{1}{30}} = \left(\dfrac{5}{6}\right)^{-\frac{1}{30}} = \left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}}$ (IV)

D ની અભિવ્યક્તિ $= \left(\dfrac{5}{6}\right)^{\frac{-1}{30}} = \left[\left(\dfrac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}}$ (V)

પરિણામ (I) અને (II) પરથી,

આથી, $\left[\left(\frac{5}{6}\right)^{\frac{1}{5}}\right]^{-\frac{1}{6}} \neq \left(\frac{5}{6}\right)^{\frac{1}{5}-\frac{1}{6}}$

જવાબ (A)

## સ્વાધ્યાય 1.1

**વિધાન સત્ય બને તે રીતે આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ક્રમાંક 1 થી 21 વાળા પ્રશ્નોની ખાલી જગ્યા પૂરો:**

**1.** દરેક સંમેય સંખ્યા .......... છે.

(A) એ પ્રાકૃતિક સંખ્યા (B) એ પૂર્ણાંક

(C) એ વાસ્તવિક સંખ્યા (D) એ પૂર્ણ સંખ્યા

**2.** બે સંમેય સંખ્યાઓ વચ્ચે ..........

(A) કોઈ સંમેય સંખ્યા નથી. (B) માત્ર એક જ સંમેય સંખ્યા છે.

(C) અનંત સંમેય સંખ્યાઓ છે. (D) માત્ર સંમેય સંખ્યાઓ છે અને અસંમેય સંખ્યાઓ નથી.

**3.** સંમેય સંખ્યાનું દશાંશ સ્વરૂપ .......... હોઈ શકે નહિ.

(A) સાન્ત (B) અનંત

(C) અનંત પુનરાવર્તિત (D) અનંત અને અનાવૃત્ત

**4.** કોઈ પણ બે અસંમેય સંખ્યાઓનો ગુણાકાર .......... છે.

(A) હંમેશાં અસંમેય સંખ્યા (B) હંમેશાં સંમેય સંખ્યા

(C) હંમેશાં પૂર્ણાંક (D) કેટલીક વાર સંમેય, કેટલીક વાર અસંમેય સંખ્યા.

**5.** $\sqrt{2}$ ની દશાંશ-અભિવ્યક્તિ .......... છે.

(A) સાન્ત દશાંશ (B) 1.41421

(C) અનંત આવૃત્ત (D) અનંત અને અનાવૃત્ત

**6.** નીચેનામાંથી .......... સંખ્યા અસંમેય છે.

(A) $\sqrt{\frac{4}{9}}$ (B) $\frac{\sqrt{12}}{\sqrt{3}}$ (C) $\sqrt{7}$ (D) $\sqrt{81}$

**7.** નીચેનામાંથી .......... સંખ્યા અસંમેય છે.

(A) 0.14 (B) $0.14\overline{16}$ (C) $0.\overline{1416}$ (D) 0.4014001400014...

**8.** .......... એ $\sqrt{2}$ અને $\sqrt{3}$ વચ્ચેની એક સંમેય સંખ્યા છે.

(A) $\frac{\sqrt{2}+\sqrt{3}}{2}$ (B) $\frac{\sqrt{2}\cdot\sqrt{3}}{2}$ (C) 1.5 (D) 1.8

**9.** 1.999... નું $\frac{p}{q}$ સ્વરૂપમાં મૂલ્ય .......... છે. અહીં $p$ અને $q$ પૂર્ણાંક છે અને $q \neq 0$ છે :

(A) $\frac{19}{10}$ (B) $\frac{1999}{1000}$ (C) 2 (D) $\frac{1}{9}$

**10.** $2\sqrt{3} + \sqrt{3} =$ ..........

(A) $2\sqrt{6}$ (B) 6 (C) $3\sqrt{3}$ (D) $4\sqrt{6}$

**11.** $\sqrt{10} \times \sqrt{15} =$ ..........

(A) $6\sqrt{5}$ (B) $5\sqrt{6}$ (C) $\sqrt{25}$ (D) $10\sqrt{5}$

**12.** $\frac{1}{\sqrt{7}-2}$ નાં છેદનું સંમેયીકરણ કરતાં મળતી સંખ્યા .......... છે.

(A) $\frac{\sqrt{7}+2}{3}$ (B) $\frac{\sqrt{7}-2}{3}$ (C) $\frac{\sqrt{7}+2}{5}$ (D) $\frac{\sqrt{7}+2}{45}$

**13.** $\frac{1}{\sqrt{9}-\sqrt{8}}$ = ..........

(A) $\frac{1}{2}(3-2\sqrt{2})$ (B) $\frac{1}{3+2\sqrt{2}}$ (C) $3-2\sqrt{2}$ (D) $3+2\sqrt{2}$

**14.** $\frac{7}{3\sqrt{3}-2\sqrt{2}}$ ના છેદનું સંમેયીકરણ કર્યા પછી, છેદ ......... મળે.

(A) 13 (B) 19 (C) 5 (D) 35

**15.** $\frac{\sqrt{32}+\sqrt{48}}{\sqrt{8}+\sqrt{12}}$ = ..........

(A) $\sqrt{2}$ (B) 2 (C) 4 (D) 8

**16.** જો $\sqrt{2}$ = 1.4142 હોય, તો $\sqrt{\frac{\sqrt{2}-1}{\sqrt{2}+1}}$ = ..........

(A) 2.4142 (B) 5.8282 (C) 0.4142 (D) 0.1718

**17.** $\sqrt[4]{\sqrt[3]{2^2}}$ = ..........

(A) $2^{-\frac{1}{6}}$ (B) $2^{-6}$ (C) $2^{\frac{1}{6}}$ (D) $2^6$

**18.** $\sqrt[3]{2} \cdot \sqrt[4]{2} \cdot \sqrt[12]{32}$ = ..........

(A) $\sqrt{2}$ (B) 2 (C) $\sqrt[12]{2}$ (D) $\sqrt[12]{32}$

**19.** $\sqrt[4]{(81)^{-2}}$ = ..........

(A) $\frac{1}{9}$ (B) $\frac{1}{3}$ (C) 9 (D) $\frac{1}{81}$

**20.** $(256)^{0.16} \times (256)^{0.09}$ = ..........

(A) 4 (B) 16 (C) 64 (D) 256.25

**21.** $x$ = .......... .

(A) $x^{\frac{12}{7}} - x^{\frac{5}{7}}$ (B) $\sqrt[12]{(x^4)^{\frac{1}{3}}}$ (C) $\left(\sqrt{x^3}\right)^{\frac{2}{3}}$ (D) $x^{\frac{12}{7}} \times x^{\frac{7}{12}}$

## કારણ સહિત ટૂંક જવાબી પ્રશ્નો

**ઉદાહરણ 1 :** બે અસંમેય સંખ્યાઓનો સરવાળો અને ગુણાકાર બંને સંમેય હોઈ શકે. સત્યાર્થતા ચકાસો.

**ઉકેલ :** હા.

$3+\sqrt{2}$ અને $3-\sqrt{2}$ બે અસંમેય સંખ્યાઓ છે.

$(3+\sqrt{2})+(3-\sqrt{2})=6$, એ સંમેય સંખ્યા છે.

$(3+\sqrt{2})\times(3-\sqrt{2})=7$, એ સંમેય સંખ્યા છે.

તેથી, આપણે કહીશું બે અસંમેય સંખ્યાઓનો સરવાળો અને ગુણાકાર બંને સંમેય હોઈ શકે.

**ઉદાહરણ 2 :** નીચેનું વિધાન સત્ય છે કે કેમ તે ચકાસો :

જો કોઈ સંખ્યા $x$ માટે $x^2$ અસંમેય છે, પરંતુ $x^4$ સંમેય હોય તે શક્ય છે ? તમારા જવાબને ઉદાહરણ આપી પ્રમાણિત કરો.

**ઉકેલ :** સત્ય છે.

ધારો કે, $x=\sqrt[4]{2}$

હવે, $x^2=(\sqrt[4]{2})^2=\sqrt{2}$ એ એક અસંમેય સંખ્યા છે.

$x^4=(\sqrt[4]{2})^4=2$, એ એક સંમેય સંખ્યા છે.

તેથી આપણી પાસે એક સંખ્યા $x$ છે જેથી $x^2$ અસંમેય સંખ્યા, પરંતુ $x^4$ સંમેય સંખ્યા છે.

## સ્વાધ્યાય 1.2

1. ધારો કે સંખ્યાઓ $x$ અને $y$ અનુક્રમે સંમેય અને અસંમેય છે. $x+y$ અસંમેય સંખ્યા હોય તે જરૂરી છે ? તમારા જવાબને અનુરૂપ ઉદાહરણ આપો.
2. ધારો કે $x$ સંમેય અને $y$ અસંમેય છે. $xy$ અસંમેય સંખ્યા હોય તે આવશ્યક છે ? તમારા જવાબને ઉદાહરણ આપી પ્રમાણિત કરો.
3. નીચેનાં વિધાનો સત્ય છે કે અસત્ય ? કારણ સહિત ઉત્તર આપો.

   (i) $\dfrac{\sqrt{2}}{3}$ સંમેય સંખ્યા છે.

   (ii) કોઈ પણ બે પૂર્ણાંક સંખ્યાઓ વચ્ચે અનંત પૂર્ણાંક સંખ્યાઓ આવેલી છે.

   (iii) 15 અને 18 વચ્ચે સાન્ત સંખ્યામાં સંમેય સંખ્યાઓ આવેલી છે.

   (iv) પૂર્ણાંક $p$ અને શૂન્યેતર પૂર્ણાંક $q$ માટે $\dfrac{p}{q}$ સ્વરૂપમાં ન હોય તેવી સંખ્યાઓનું અસ્તિત્વ છે.

   (v) અસંમેય સંખ્યાનો વર્ગ હંમેશાં સંમેય સંખ્યા છે.

   (vi) $\dfrac{\sqrt{12}}{\sqrt{3}}$ સંમેય સંખ્યા નથી, કારણ કે $\sqrt{12}$ અને $\sqrt{3}$ પૂર્ણાંકો નથી.

   (vii) $\dfrac{\sqrt{15}}{\sqrt{3}}$ ને $\dfrac{p}{q}$ સ્વરૂપમાં લખતાં, $q\neq 0$ અને તેથી તે સંમેય સંખ્યા છે.
4. નીચેની સંખ્યાઓનું સંમેય અથવા અસંમેય સંખ્યાઓમાં વર્ગીકરણ કરો અને સત્યાર્થતા ચકાસો :

   (i) $\sqrt{196}$ (ii) $3\sqrt{18}$ (iii) $\sqrt{\dfrac{9}{27}}$ (iv) $\dfrac{\sqrt{28}}{\sqrt{343}}$

   (v) $-\sqrt{0.4}$ (vi) $\dfrac{\sqrt{12}}{\sqrt{75}}$ (vii) 0.5918 (viii) $(1+\sqrt{5})-(4+\sqrt{5})$

   (ix) 10.124124... (x) 1.010010001...

## ટૂંક જવાબી પ્રશ્નો :

**ઉદાહરણ 1 :** $\sqrt{13}$ ને સંખ્યારેખા પર દર્શાવો.

**ઉકેલ :** આપણે 13 ને બે પ્રાકૃતિક સંખ્યાઓના વર્ગના સરવાળા બરાબર લખીશું :

$13 = 9 + 4 = 3^2 + 2^2$

સંખ્યારેખા પર, OA = 3 એકમ લો.

OAને લંબ, BA = 2 એકમ દોરો.

(જુઓ આકૃતિ 1.1.)

પાયથાગોરસ પ્રમેય પરથી, OB = $\sqrt{13}$




આકૃતિ 1.1

પરિકરથી O કેન્દ્ર અને OB જેટલી ત્રિજ્યા લઈ સંખ્યારેખાને C માં છેદતું એક ચાપ દોરો. તેથી બિંદુ C એ $\sqrt{13}$ ને સંગત છે.

**નોંધ :** આપણે OA = 2 એકમ અને AB = 3 એકમ પણ લઈ શકીએ. આ રીત હંમેશા શક્ય નથી.

$\sqrt{7}$ માટે શું કરીશું ? વળી $65 = 8^2 + 1^2 = 7^2 + 4^2$ આમ, $\sqrt{65}$ બે રીતે રચી શકાય. વધુ રીતો પણ શક્ય છે. જેના અવિભાજ્ય અવયવો 4k + 1 સ્વરૂપના હોય તેના માટે આ રીત ચાલે. અથવા વર્ગમૂળ કુંતલ વાપરી શકાય.

**ઉદાહરણ 2 :** $0.12\overline{3}$ ને જ્યાં $p$ અને $q$ પૂર્ણાંકો છે અને $q \neq 0$ હોય તે રીતે $\frac{p}{q}$ સ્વરૂપમાં દર્શાવો.

**ઉકેલ :** ધારો કે, $x = 0.12\overline{3}$

$\therefore 10x = 1.2\overline{3}$

$\therefore 10x - x = 1.2\overline{3} - 0.12\overline{3}$

$= 1.2333.. - 0.12333..$

$\therefore 9x = 1.11$

$\therefore x = \frac{1.11}{9} = \frac{111}{900}$

$\therefore 0.12\overline{3} = \frac{111}{900} = \frac{37}{300}$

**બીજી રીત :** ધારો કે $x = 0.12\overline{3}$

$= .12 + .0033...$

ધારો કે $y = 0.333...$

$\therefore 10y = 3.333...$

$= 3 + y$

$\therefore 9y = 3$

$\therefore y = \frac{1}{3}$

$x = \frac{12}{100} + \frac{1}{300} = \frac{37}{300}$

આ રીતે તમામ પ્રશ્નો માટે ઉપયોગી છે.

**ઉદાહરણ 3 :** સાદું રૂપ આપો : $(3\sqrt{5}-5\sqrt{2})(4\sqrt{5}+3\sqrt{2})$

**ઉકેલ :** $(3\sqrt{5}-5\sqrt{2})(4\sqrt{5}+3\sqrt{2})$

$= 12 \times 5 - 20\sqrt{2} \times \sqrt{5} + 9\sqrt{5} \times \sqrt{2} - 15 \times 2$

$= 60 - 20\sqrt{10} + 9\sqrt{10} - 30$

$= 30 - 11\sqrt{10}$

**ઉદાહરણ 4 :** નીચેનામાંથી $a$ ની કિંમત શોધો :

$$\frac{6}{3\sqrt{2}-2\sqrt{3}} = 3\sqrt{2} - a\sqrt{3}$$

**ઉકેલ :** $\frac{6}{3\sqrt{2}-2\sqrt{3}} = \frac{6}{3\sqrt{2}-2\sqrt{3}} \times \frac{3\sqrt{2}+2\sqrt{3}}{3\sqrt{2}+2\sqrt{3}}$

$$= \frac{6(3\sqrt{2}+2\sqrt{3})}{(3\sqrt{2})^2-(2\sqrt{3})^2}$$

$$= \frac{6(3\sqrt{2}+2\sqrt{3})}{18-12}$$

$$= \frac{6(3\sqrt{2}+2\sqrt{3})}{6}$$

$$= 3\sqrt{2} + 2\sqrt{3}$$

$\therefore\ 3\sqrt{2} + 2\sqrt{3} = 3\sqrt{2} - a\sqrt{3}$

$\therefore\ a = -2$

**ઉદાહરણ 5 :** સાદું રૂપ આપો : $\left[5\left(8^{\frac{1}{3}}+27^{\frac{1}{3}}\right)^3\right]^{\frac{1}{4}}$

**ઉકેલ :** $\left[5\left(8^{\frac{1}{3}}+27^{\frac{1}{3}}\right)^3\right]^{\frac{1}{4}} = \left[5\left((2^3)^{\frac{1}{3}}+(3^3)^{\frac{1}{3}}\right)^3\right]^{\frac{1}{4}}$

$$= \left[5(2+3)^3\right]^{\frac{1}{4}}$$

$$= \left[5(5)^3\right]^{\frac{1}{4}}$$

$$= \left[5^4\right]^{\frac{1}{4}}$$

$$= 5$$

## સ્વાધ્યાય 1.3

**1.** $x$, $y$, $z$ અને $u$ માંથી કયા સંકેત સંમેય સંખ્યાઓ દર્શાવે છે અને કયા અસંમેય સંખ્યાઓ દર્શાવે છે તે શોધો.

(i) $x^2 = 5$ (ii) $y^2 = 9$ (iii) $z^2 = 0.04$ (iv) $u^2 = \frac{17}{4}$

**2.** આપેલ બે સંખ્યાઓ વચ્ચેની ત્રણ સંમેય સંખ્યા શોધો :

(i) –1 અને –2 (ii) 0.1 અને 0.11 (iii) $\frac{5}{7}$ અને $\frac{6}{7}$ (iv) $\frac{1}{4}$ અને $\frac{1}{5}$

**3.** આપેલ બે સંખ્યાની વચ્ચે એક સંમેય સંખ્યા અને એક અસંમેય સંખ્યા લખો :

(i) 2 અને 3 (ii) 0 અને 0.1 (iii) $\frac{1}{3}$ અને $\frac{1}{2}$ (iv) $-\frac{2}{5}$ અને $\frac{1}{2}$

(v) 0.15 અને 0.16 (vi) $\sqrt{2}$ અને $\sqrt{3}$ (vii) 2.357 અને 3.121

(viii) 0.0001 અને 0.01 (ix) 3.623623 અને 0.484848

(x) 6.375289 અને 6.375738

**4.** નીચેની સંખ્યાઓ સંખ્યારેખા પર દર્શાવો :

$7,\ 7.2,\ -\frac{3}{2},\ -\frac{12}{5}$

**5.** $\sqrt{5}$, $\sqrt{10}$ અને $\sqrt{17}$ ને સંખ્યારેખા પર દર્શાવો.

**6.** નીચેની સંખ્યાઓનું સંખ્યારેખા પર ભૌમિતિક નિરૂપણ કરો :

(i) $\sqrt{4.5}$ (ii) $\sqrt{5.6}$ (iii) $\sqrt{8.1}$ (iv) $\sqrt{2.3}$

**7.** $p$ પૂર્ણાંક હોય, $q$ શૂન્યેતર પૂર્ણાંક હોય તેવા $\frac{p}{q}$ સ્વરૂપમાં નીચેની સંખ્યાને દર્શાવો :

(i) 0.2 (ii) 0.888... (iii) $5.\overline{2}$ (iv) $0.\overline{001}$

(v) 0.2555... (vi) $0.1\overline{34}$ (vii) 0.00323232... (viii) 0.404040...

**8.** દર્શાવો : $0.142857142857... = \frac{1}{7}$

**9.** નીચેનાનું સાદું રૂપ આપો :

(i) $\sqrt{45} - 3\sqrt{20} + 4\sqrt{5}$ (ii) $\frac{\sqrt{24}}{8} + \frac{\sqrt{54}}{9}$

(iii) $\sqrt[4]{12} \times \sqrt[7]{6}$ (iv) $4\sqrt{28} \div 3\sqrt{7} \div \sqrt[3]{7}$

(v) $3\sqrt{3} + 2\sqrt{27} + \frac{7}{\sqrt{3}}$ (vi) $\left(\sqrt{3}-\sqrt{2}\right)^2$

(vii) $\sqrt[4]{81} - 8\sqrt[3]{216} + 15\sqrt[5]{32} + \sqrt{225}$ (viii) $\frac{3}{\sqrt{8}} + \frac{1}{\sqrt{2}}$ (ix) $\frac{2\sqrt{3}}{3} - \frac{\sqrt{3}}{6}$

**10.** નીચેની સંખ્યાઓના છેદનું સંમેયીકરણ કરી સાદું રૂપ આપો :

(i) $\frac{2}{3\sqrt{3}}$ (ii) $\frac{\sqrt{40}}{\sqrt{3}}$ (iii) $\frac{3+\sqrt{2}}{4\sqrt{2}}$ (iv) $\frac{16}{\sqrt{41}-5}$

(v) $\frac{2+\sqrt{3}}{2-\sqrt{3}}$ (vi) $\frac{\sqrt{6}}{\sqrt{2}+\sqrt{3}}$ (vii) $\frac{\sqrt{3}+\sqrt{2}}{\sqrt{3}-\sqrt{2}}$ (viii) $\frac{3\sqrt{5}+\sqrt{3}}{\sqrt{5}-\sqrt{3}}$

(ix) $\frac{4\sqrt{3}+5\sqrt{2}}{\sqrt{48}+\sqrt{18}}$

**11.** નીચેનામાં $a$ અને $b$ ની કિંમતો શોધો :

(i) $\frac{5+2\sqrt{3}}{7+4\sqrt{3}} = a - 6\sqrt{3}$ (ii) $\frac{3-\sqrt{5}}{3+2\sqrt{5}} = a\sqrt{5} - \frac{19}{11}$

(iii) $\frac{\sqrt{2}+\sqrt{3}}{3\sqrt{2}-2\sqrt{3}} = 2 - b\sqrt{6}$ (iv) $\frac{7+\sqrt{5}}{7-\sqrt{5}} - \frac{7-\sqrt{5}}{7+\sqrt{5}} = a + \frac{7}{11}\sqrt{5}\,b$

**12.** જો $a = 2 + \sqrt{3}$ હોય, તો $a - \frac{1}{a}$ ની કિંમત શોધો.

**13.** નીચેની દરેક સંખ્યાઓના છેદનું સંમેયીકરણ કરો અને $\sqrt{2} = 1.414$, $\sqrt{3} = 1.732$ અને $\sqrt{5} = 2.236$ લઈ ત્રણ દશાંશસ્થળ સુધી મૂલ્ય મેળવો.

(i) $\frac{4}{\sqrt{3}}$ (ii) $\frac{6}{\sqrt{6}}$ (iii) $\frac{\sqrt{10}-\sqrt{5}}{2}$ (iv) $\frac{\sqrt{2}}{2+\sqrt{2}}$ (v) $\frac{1}{\sqrt{3}+\sqrt{2}}$

**14.** સાદું રૂપ આપો :

(i) $(1^3+2^3+3^3)^{\frac{1}{2}}$ (ii) $\left(\frac{3}{5}\right)^4 \cdot \left(\frac{8}{5}\right)^{-12} \cdot \left(\frac{32}{5}\right)^6$ (iii) $\left(\frac{1}{27}\right)^{-\frac{2}{3}}$ (iv) $\left[\left((625)^{-\frac{1}{2}}\right)^{-\frac{1}{4}}\right]^2$

(v) $\dfrac{9^{\frac{1}{3}} \times 27^{-\frac{1}{2}}}{3^{\frac{1}{6}} \times 3^{-\frac{2}{3}}}$ (vi) $64^{-\frac{1}{3}}\left[64^{\frac{1}{3}}-64^{\frac{2}{3}}\right]$ (vii) $\dfrac{8^{\frac{1}{3}} \times 16^{\frac{1}{3}}}{32^{-\frac{1}{3}}}$

## વિસ્તૃત જવાબી પ્રશ્નો

**ઉદાહરણ 1 :** જો $a = 5 + 2\sqrt{6}$ અને $b = \frac{1}{a}$, હોય તો $a^2 + b^2$ ની કિંમત શું થશે ?

**ઉકેલ :** $a = 5 + 2\sqrt{6}$

$$b = \frac{1}{a} = \frac{1}{5+2\sqrt{6}} = \frac{1}{5+2\sqrt{6}} \times \frac{5-2\sqrt{6}}{5-2\sqrt{6}} = \frac{5-2\sqrt{6}}{(5)^2-(2\sqrt{6})^2} = \frac{5-2\sqrt{6}}{25-24} = 5-2\sqrt{6}$$

$\therefore a^2 + b^2 = (a+b)^2 - 2ab$

અહીં, $a + b = (5+2\sqrt{6}) + (5-2\sqrt{6}) = 10,$

$ab = (5+2\sqrt{6})(5-2\sqrt{6}) = 5^2 - (2\sqrt{6})^2 = 25 - 24 = 1$

$\therefore a^2 + b^2 = 10^2 - 2\times1$
$= 100 - 2$
$= 98$

## સ્વાધ્યાય 1.4

**1.** $p$ પૂર્ણાંક હોય અને $q$ શૂન્યેતર પૂર્ણાંક હોય તેવા $\frac{p}{q}$ સ્વરૂપમાં $0.6 + 0.\overline{7} + 0.4\overline{7}$ ને દર્શાવો.

**2.** સાદું રૂપ આપો : $\dfrac{7\sqrt{3}}{\sqrt{10}+\sqrt{3}} - \dfrac{2\sqrt{5}}{\sqrt{6}+\sqrt{5}} - \dfrac{3\sqrt{2}}{\sqrt{15}+3\sqrt{2}}$

**3.** જો $\sqrt{2} = 1.414$, $\sqrt{3} = 1.732$ હોય, તો $\dfrac{4}{3\sqrt{3}-2\sqrt{2}} + \dfrac{3}{3\sqrt{3}+2\sqrt{2}}$ ની કિંમત શોધો.

**4.** જો $a = \dfrac{3+\sqrt{5}}{2}$ હોય, તો $a^2 + \dfrac{1}{a^2}$ ની કિંમત શોધો.

**5.** જો $x = \dfrac{\sqrt{3}+\sqrt{2}}{\sqrt{3}-\sqrt{2}}$ અને $y = \dfrac{\sqrt{3}-\sqrt{2}}{\sqrt{3}+\sqrt{2}}$ હોય, તો $x^2 + y^2$ ની કિંમત શોધો.

**6.** સાદું રૂપ આપો : $(256)^{-\left(4^{\frac{-3}{2}}\right)}$

**7.** કિંમત શોધો : $\dfrac{4}{(216)^{-\frac{2}{3}}} + \dfrac{1}{(256)^{-\frac{3}{4}}} + \dfrac{2}{(243)^{-\frac{1}{5}}}$